| | | |
|---|---|---|
| GJJM100002202017 | सत्यमेव जयते | દાખલ તારીખ : ૨૯/૦૫/૨૦૧૭<br>નોંધણી તારીખ: ૨૯/૦૫/૨૦૧૭<br>ફેંસલ તારીખ : ૦૭/૦૭/૨૦૨૬<br>સમયગાળો : વર્ષ-મહીના-દીન<br>૦૯- ૦૧- ૦૯ |

માનનીય ધ્રોલ ના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ સમક્ષ,

સ્થળ ધ્રોલ.

આંક :-

જજમેન્ટ તારીખ ૦૭/૦૭/૨૦૨૬

ક્રીમીનલ કેસ નંબર ૧૨૮/૨૦૧૭

ધ્રોલ પોલીસ ફર્સ્ટ ગુના રજિસ્ટર નંબર ૩૨/૨૦૧૭

ફરિયાદી :- ધી સ્ટેટ ઓફ ગુજરાત

ફરીયાદી તરફે :- વિધ્વાન એ.પી.પી.શ્રી. આર. એસ. રામાણી

વિરુદ્ધ

આરોપી :- (૧) કપીલભાઈ ભોજાભાઈ ભિમજીભાઈ કગથરા
ઉ.વ.૨૪, ધંધો.પ્રા.નોકરી,
રહે.ડેલ્ટા સ્કુલ, સોયલ ગામ,
તા.ધ્રોલ, જી.જામનગર

(૨) કીર્તિભાઈ નરશીભાઈ દુધાગરા
ઉ.વ.૨૩, ધંધો.પ્રા.નોકરી,
રહે.ડેલ્ટા સ્કુલ, સોયલ ગામ,
તા.ધ્રોલ, જી.જામનગર

(૩) અજયભાઈ મુકેશભાઈ સોરઠીયા
ઉ.વ.૨૨,ધંધો.પ્રા.નોકરી,
રહે.રહે.ડેલ્ટા સ્કુલ, સોયલ ગામ,

તા.ધ્રોલ, જી.જામનગર
(૪) ભુપેન્દ્રભાઈ નવનીતભાઈ ગોધાણી
ઉ.વ.૨૪, ધંધો.પ્રા.નોકરી,
રહે.રહે.ડેલ્ટા સ્કુલ, સોયલ ગામ,
તા.ધ્રોલ, જી.જામનગર
(૫) મયુરભાઈ અશ્વિનભાઈ ટાંક
ઉ.વ.૨૫, ધંધો.પ્રા.નોકરી
રહે.ડેલ્ટા સ્કુલ, સોયલ ગામ,
તા.ધ્રોલ, જી.જામનગર
(૬) કૌશિકભાઈ ભિખુભાઈ ઘેટીયા
ઉ.વ.૨૮, ધંધો.પ્રા.નોકરી,
રહે.ડેલ્ટા સ્કુલ, સોયલ ગામ,
તા.ધ્રોલ, જી.જામનગર

આરોપી તરફે :- **વિધ્વાન વકીલશ્રી જે.એચ.અનડકટ**

ફરિયાદ પક્ષના સાક્ષીઓ નું લીસ્ટ

| અનુક્રમ નંબર | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | દર્શનભાઈ ગોવીંદભાઈ મારકણા | ૨૮ | જુબાની |
| ૨ | સંદીપભાઈ ભીમજીભાઈ | ૪૭ | જુબાની |
| ૩ | ગોવીંદભાઈ ધરમશીભાઈ | ૫૧ | જુબાની |
| ૪ | જગદીશભાઈ ભુરાભાઈ | ૫૩ | જુબાની |
| ૫ | અરજણભાઈ ધરમશીભાઈ | ૫૬ | જુબાની |
| ૬ | નિમેશ કીશોરભાઈ મારકણા | ૫૯ | જુબાની |
| ૭ | વીવેક ધર્મેન્દ્રભાઈ ચોટલીયા | ૯૨ | જુબાની |

**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ધ્રોલ.**

| | | | |
|---|---|---|---|
| ૮ | મનસુખભાઈ નાથાભાઈ કાલાવડીયા | ૧૦૦ | જુબાની |
| ૯ | રવી છગનભાઈ રૈયાણી | ૧૦૫ | જુબાની |
| ૧૦ | પ્રવિણભાઈ વિરજીભાઈ પટેલ | ૧૦૭ | જુબાની |
| ૧૧ | ડો.રાખાલચંદ્ર ગોપેશચંદ્ર દત્તા | ૧૧૩ | જુબાની |

ફરિયાદ પક્ષના દસ્તાવેજો નું લીસ્ટ

| અનુક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૪૮ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૧ | ૧૦૬ | આરોપીની અટક કર્યાનુ પંચનામુ |
| ૨ | ૧૧૪ | દર્શન ગોવીંદભાઈ મારકણાનું ઈન્જરી સર્ટીફીકેટ |

**-: જજમેન્ટ :-**

## 1. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત

1.1. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તારીખ ૧૩/03/૨૦૧૭ ના રોજ કલાક ૨૨:00 વાગ્યે ડેલ્ટા સ્કુલ, સોયલ ગામ પાસે, તા.ધ્રોલ, જી.જામનગર ના સ્થળે આ કામેના ફરિયાદી પોતાના મિત્ર સાથે મસ્તી કરતા હોય અને પોતાના મિત્રએ આ બાબતે સ્કુલના સ્ટાફ રૂમમાં હાજર શિક્ષકોને વાત કરતા કોલમ નં-૧ માં જણાવેલ આરોપી પ્રથમ આરોપી (૧) કપીલએ ફરિયાદી ને લાકડી વડે તથા આરોપી નં.(૨) કીર્તિ ભાઈ તથા (3) અજયભાઇએ જાપટ વડે આરોપી તથા આરોપી નં.(૪) ભુપેન્દ્રભાઇએ ચપ્પલથી ફરિયાદી ને શરીરે માર મારેલ બાદમાં આરોપી નં(૫) મયુરભાઇ ટાંક એ ફરિયાદી ને બોલાવી સ્ટમ્પ વડે કુલાના ભાગે માર મારી તથા આરોપી નં.(૬) કૌશિકભાઇએ જાપટ વડે માર મારી ફરિયાદીને કુલાના ભાગે તથા વાસાના ભાગે ઈજાઓ કરી હાથમાં લાકડી તથા સ્ટપ ધારણ કરી મે.ડી.એમ.સા.ના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ફરિયાદીને

શારીરીક રીતે ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫ (૧), ધી જુવેનાઈલ જસ્ટીસ કેર એન્ડ પ્રોટેકશન ઓફી ચીલ્ડ્રન એકટ ની કલમ ૨૩ મુજબનો ગુન્હો કરેલ છે.

## 2. આરોપીનો જવાબ તથા નિવેદન

2.1. હાલના કામે આરોપીઓ સામે ઉપરોકત જણાવેલ ગુના મુજબના શિક્ષાપાત્ર ગુના સબબની ફરિયાદના આધારે ચાર્જશીટ રજૂ થતા, આરોપીઓ વિરુદ્ધ સમન્સ ઈશ્યુ કરતા, આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપી તેમના વકીલ શ્રી મારફતે હાજર થતા આરોપીઓ ને પોલીસ પેપર ની નકલ વિનામૂલ્યે પૂરી પાડી આ કામે આંક ૧૭ થી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪, તથા જી.પીએકટ ની કલમ ૧૩૫ (૧), ધી જુવેનાઈલ જસ્ટીસ કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન એકટ ની કલમ ૨૩ મુજબનુ તહોમતનામું ધડવામાં આવેલ ત્યાર બાદ આરોપીઓ નું નિવેદન આંક ૧૮ થી આંક ૨૩ સુધી નોંધેલ છે જેમાં આરોપીઓએ તેમના વિરૂદ્ધ ના ગુનાઓ નો ઈન્કાર કરેલ છે જેથી હાલનો કેસ પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલો.

2.2. ફરિયાદ પક્ષનો ઉપરોકત મુજબ નો સમગ્ર પુરાવો પૂરો થયા બાદ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ તેમની સામેની ફરીયાદ અને તમામ પુરાવો ખોટો છે તેવુ જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે તેઓને આ ગુનામા ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. તેમજ ખોટી ફરીયાદ કરેલ છે. વધુમાં આરોપીઓએ સોગંદ પર જુબાની આપવાનો તેમજ બચાવમાં સાક્ષીઓ તપાસવાનો ઈનકાર કરેલ છે જેથી હાલનો કેસમાં બંને પક્ષે આખરી દલીલો સાંભળવામાં આવેલ છે.

## 3. દલીલો :-

3.1. ફરિયાદ પક્ષ તરફથી વિધ્વાન એ.પી.પી.શ્રી આર.એસ.રામાણી એ દલીલ માં જણાવેલ છે કે, હાલના કેસમાં ફરીયાદી એ ફરીયાદી

આપેલ હકીકત નુ સમર્થન કરેલ છે આમ, ઉપરોકત પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષે હાલના આરોપીઓ સામેનો ગુનો પુરવાર કરેલ હોઇ આરોપીઓને હાલના ગુનાના કામે દોષિત ઠરાવવામાં આવે તેમ જણાવેલ છે.

3.2. આરોપી પક્ષ તરફથી વિદ્વાન વકિલશ્રી જે.એચ.અનડકટ એ જણાવેલ છે કે, હાલના કેસમાં ફરીયાદી ને તપાસેલ છે અને તેઓએ ફરીયાદમાં જણાવેલ હકીકત ને સમર્થન કરેલ નથી. આમ, ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીઓને નિર્દોષ છોડી મુકવામાં વિનંતી કરેલ છે.

## 4. નિર્ણય માટે ના મુદ્દાઓ

4.1. શું ફરિયાદપક્ષ એ હકીકત સાબિત કરે છે કે, છે કે, તારીખ ૧૩/03/૨૦૧૭ ના રોજ કલાક ૨૨:00 વાગ્યે ડેલ્ટા સ્કુલ, સોયલ ગામ પાસે, તા.ધ્રોલ, જી.જામનગર ના સ્થળે આ કામેના ફરિયાદી પોતાના મિત્ર સાથે મસ્તી કરતા હોય અને પોતાના મિત્રએ આ બાબતે સ્કુલના સ્ટાફ રૂમમાં હાજર શિક્ષકોને વાત કરતા કોલમ નં-૧ માં જણાવેલ આરોપી પ્રથમ આરોપી (૧) કપીલએ ફરિયાદી ને લાકડી વડે તથા આરોપી નં.(૨) કીર્તિ ભાઇ તથા (૩) અજયભાઇએ જાપટ વડે આરોપી તથા આરોપી નં.(૪) ભુપેન્દ્રભાઇએ ચપ્પલથી ફરિયાદી ને શરીરે માર મારેલ બાદમાં આરોપી નં(૫) મયુરભાઇ ટાંક એ ફરિયાદી ને બોલાવી સ્ટમ્પ વડે કુલાના ભાગે માર મારી તથા આરોપી નં.(૬) કૌશિકભાઇએ જાપટ વડે માર મારી ફરિયાદીને  કુલાના ભાગે તથા વાસાના ભાગે ઇજાઓ કરી હાથમાં લાકડી તથા સ્ટપ ધારણ કરી મે.ડી.એમ.સા.ના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ફરિયાદીને શારીરીક રીતે ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫ (૧), ધી જુવેનાઈલ જસ્ટીસ કેર એન્ડ પ્રોટેકશન ઓફી ચીલ્ડ્રન એકટ ની કલમ ૨૩ મુજબનો ગુન્હો કરેલ છે?

4.2. શું હુકમ ?

**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ધ્રોલ.**

5. ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે આ અદાલત ના નિર્ણયો નીચે મુજબ છે.

 5.1. નકારમાં.

 5.2. આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

6. ફરિયાદપક્ષ ના પૂરવાનું મૂલ્યાંકન કરતા પહેલા ફોજદારી કાર્યવાહીમાં પૂરવાનું મૂલ્યાંકન, વિશ્લેષણ કરતી વખતે પ્રસ્થાપિત થયેલ કેટલાક સિદ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.

 6.1. ફોજદારી કાયદા મુજબ ફરિયાદપક્ષે આરોપી સામે પોતાનો કેસ નિશંક પુરાવાથી પુરવાર કરવાનો રહે છે. જ્યારે આરોપીપક્ષે પોતાનો બચાવ સંભવિતતા ના સિદ્ધાંત ઉપર પુરવાર કરવાનો રહે છે અને તે માટે આરોપી પક્ષ ફરિયાદ પક્ષના સાહેદોના પુરાવા દરમ્યાન ઉલટ તપાસમાં તે હકીકત પુરવાર કરી શકે છે.

 6.2. જ્યારે કોઈ કિસ્સામાં ફરિયાદપક્ષના સાહેદોના પુરાવામાં કોઈ ગૌણ અને ક્ષુલ્લક વિરોધાભાસ હોય તો તેને લઈને ફરિયાદપક્ષના કેસને કોઈ નુકશાન થતું નથી. પરંતુ જો સાહેદોનો પુરાવો મહત્વની બાબતો માં વિરોધાભાસી અને અસંગતતા ભર્યો હોય તો તેવા પ્રસંગે તે હકીકત ફરિયાદ પક્ષની વિપરીત જાય છે.

 6.3. ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૩૭ લક્ષમાં લેતા કોઈ એક હકીકત સાબિત કરવા અમુક સાહેદો ની સંખ્યા હોવી જરૂરી નથી. એટલે કે, સાહેદોની સંખ્યા/જથ્થો નહિ, પણ પુરાવાની ગુણવત્તા કે સાહેદો ના પુરાવાની વિશ્વસનીયતા મહત્વની છે.

 6.4. ફોજદારી કાયદાનો એ સિદ્ધાંત પણ સુસ્થાપિત છે કે, ફોજદારી કેસમાં જે કંઈ પણ નિર્ણય ઉપલી અદાલતે આપેલ હોય છે તે જે તે કિસ્સાની સંબંધિત હકીકતો અને સંજોગો આધારિત હોય છે અને તે ચુકાદો હકીકતો પર આધારિત ચુકાદો ગણાય છે અને તેથી જે તે ચુકાદો હાથ પર ના કેસની હકીકતોમાં આપોઆપ લાગુ પડતા નથી. અદાલતે

પોતાની સમક્ષના જે તે કિસ્સાની હકીકતો અને સંજોગો તથા રેકર્ડ પરના પુરાવાના અનુસંધાને જે તે કિસ્સામાં નિર્ણય લેવાનો રહે છે.

7. હાલના કેસમાં આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫ (૧), ધી જુવેનાઈલ જસ્ટીસ કેર એન્ડ પ્રોટેકશન ઓફી ચીલ્ડ્રન એકટ ની કલમ ૨૩ મુજબના ગુનાનો આક્ષેપ છે જેથી તે અંગેનો ફરીયાદપક્ષ નો પુરાવો ધ્યાને લેતા નીચે મુજબ છે.

8. હાલના કામે ફરીયાદપક્ષ એ આંક ૨૮ થી દર્શનભાઈ ગોવીંદભાઈ મારકણા ને સોગંદ પર તપાસેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૧૩/૦૩/૧૬ ના રોજ ડેલ્ટા સ્કુલ ના સ્ટાફ રૂમ માં રાત્રી ના ૧૦ વાગ્યે બનેલો. બનાવ બનેલ તે સમયે તેઓ ધોરણ ૧૦ માં ડેલ્ટા સ્કુલ માં અભ્યાસ કરતા હતા. અને તેઓ રાત્રી ના ૧૦ વાગ્યે પ્રાથના હોલ માં રીડીંગ કરતા હતા તેઓની સાથે ૧૦ અને ૧૨ માં ધોરણ ના છોકરાઓ રીડીંગ કરતા હતા. અને તેઓ અને વિવેક બંને જણા મસ્તી કરતા હતા જેથી વિવેક સ્ટાફ રૂમ માં જઈ સાહેબ ને કહી આવેલ અને વિવેક તેઓને બોલાવવા આવેલ અને તેઓને કહેલ કે તને સાહેબ સ્ટાફ રૂમ માં બોલાવે છે. ત્યારબાદ તેઓ સ્ટાફ રૂમ માં ગયેલા અને સ્ટાફ રૂમ માં ૪ સાહેબો હાજર હતા જેમાં કપિલ સાહેબ, અજય સાહેબ, ભુપેન્દ્રસાહેબ અને કીર્તિનસાહેબ હાજર હતા. અને તેઓ સ્ટાફ રૂમ માં ગયેલા તે વખતે તેઓને કપિલ સાહેબે તેઓને લાકડી થી ડાબી બાજુ ના કુલા ના ભાગે લાકડી મારેલ અને ભુપેન્દ્ર સાહેબે ચપ્પલ મારેલ અને કીર્તનસાહેબ અને અજય સાહેબે તેઓને ઝાપટો મારેલ અને તેઓને કહેલ કે હવે રીડીંગ માં પાછો જઈ ને બેસી જા ત્યારબાદ તેઓ રીડીંગ માં જઈ ને બેસી ગયેલા.ત્યારબાદ ૧૧ વાગ્યે ટાંક સાહેબ પ્રાથના હોલ માં બોલાવવા આવેલ અને કહેલ કે પેલા બે છોકરા જે મસ્તી કરતા હતા તે ક્યાં છે તેમ કહેતા તેઓ અને વિવેક બંને જણા સ્ટાફ રૂમ માં ગયેલા. તે સમયે સ્ટાફ રૂમ માં કપિલ સાહેબ, અજય સાહેબ, ભુપેન્દ્રસાહેબ અને કીર્તિનસાહેબ, ટાંક સાહેબ અને કોસિક સહેબ ત્યાં હાજર હતા અને જે ભાઈ તેઓની સ્કુલ નો દરવાજો ખોલે છે તે પણ ત્યાં સ્ટાફ રૂમ માં હાજર હતો. અને તેઓ સ્ટાફ રૂમ માં ગયેલા ત્યારબાદ ટાંક સાહેબે ૧૨ માં છોકરા રીડીંગ માં બેસેલ હતા તેની પાસે સ્ટમ્પ મંગાવેલ અને આ સ્ટમ્પ વડે તેઓને ડાબી બાજુ ના કુલા ના ભાગે માર મારેલ અને કોસિક સાહેબે અને કપિલ સાહેબે તેઓને વાસા માં ઝાપટો મારેલ. અને કપિલ સાહેબે તેઓને ધમકી આપેલ કે તું તારા બા બાપુજી ને કહેતો નહિ નહિતર તને પંખે લટકાવી મારી નાખીશ. ત્યારબાદ તેઓ

રીડીંગ માં જતા રહેલા તેઓને બેસી શકાતું ના હતું. ત્યારબાદ ૧૫/03/૧૬ ના રોજ તેઓના કાકા જગદીશ ભાઈ તેમના દીકરા ક્રીશ ને ડેલ્ટા સ્કુલ ની હોસ્ટેલ માં મુકવા માટે આવેલા હતા. તે વખતે તેઓના બીજા કાકા કિશોરભાઈ ના દીકરા નિમેશ જે ડેલ્ટા સ્કુલ માં ધોરણ ૧૧ સાયન્સ માં અભ્યાસ કરતો હોય તેને તેઓના કાકા જગદીશ ભાઈ ને કહેલ કે દર્શન ને સાહેબે મારેલ છે. તેઓના કાકા હોસ્ટેલ માં આવેલા ત્યાર પછી ૨ કલાક પછી ધોરણ ૧૦ ના બોર્ડ નું ગુજરાતી નું પેપર આપવા માટે ધ્રોલ જી.એમ. સ્કુલ માં જતા રહેલ અને ત્યારબાદ તેઓ ડેટા સ્કુલ માં હોસ્ટેલ માં પાછા ગયેલા તે સમયે તેઓના પાપા, તેઓના કાકા જગદીશભાઈ અને તેઓના અદા અરજણભાઈ ૩ જણા હોસ્ટેલ માં આવેલ હતા. અને તેઓને સ્કુલ નો છોકરો બોલાવવા આવેલ અને કહેલ કે તારા - પાપા આવેલ છે અને ત્યારબાદ પાપા તેઓના કાકા જગદીશભાઈ અને તેઓના અદા અરજણભાઈ તેઓને મળેલા અને તેઓએ તેમને વાત કરેલ કે તેઓને બહુ દુખે છે. જેથી તેઓને તેમના પાપા તેમના કાકા જગદીશભાઈ અને તેઓના અદા અરજણભાઈ ૩ જણા તેઓને જી.જી.હોસ્પિટલ માં સારવાર માટે લઈ ગયેલા. અને ત્યાં તેઓએ ૧ દિવસ સારવાર લીધેલ અને તેઓના બોર્ડ ના પેપર ચાલુ હોય તેઓ સારવાર લઈ હોસ્પીટલે થી આવી ગયેલા અને ધ્રોલ પો.સ્ટે ફરિયાદ લખાવવા માટે ગયેલા. અને ત્યાં તેઓએ બનાવ ની ફરિયાદ લખાવેલ. તેઓને આજરોજ અસલ એફ.આઈ.આર બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે આંક-૨૯ થી રજુ છે. તેઓને બનાવ સમયે આરોપીઓ એ જે લાકડી અને સ્ટમ્પ વડે માર મારવામાં આવેલ તે અત્યારે બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે.જે મુદામાલ પોલીસ સ્ટેશને પડેલ હોય જે મંગાવવા માટે હાલ ની સ.ત. હાલ મુલતવી કરવામાં આવે છે. તેઓને મુદામાલ આર્ટીકલ નંબર- ૧ વાળી લાકડી બતાવવામાં આવે છે તે જોઈ ને કહે છે કે આ તે લાકડી નથી જે કપીલ સાહેબે તેઓને મારેલી કપીલ સાહેબે તેઓને જે લાકડી મારેલ તે સીધી અને મોટી હતી. તેઓને મુદામાલ આર્ટીકલ નંબર ૨ વાળો સ્ટમ્પ બતાવવામાં આવે છે તે જોઈ ને કહે છે કે આવોજ સ્ટમ્પ હતો જે ટાંક સાહેબે તેઓને મારેલો આરોપીઓને જોયેથી તેઓ ઓળખે છે જેઓ આજરોજ નામદાર કોર્ટ માં હાજર નથી. હાજર હોય તો તેઓ તમામને ઓળખી શકે.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે, બનાવ બન્યો તેના ૧ વર્ષ પહેલા થી હોસ્ટેલ માં રહીને તેઓ અભ્યાસ કરતા હતા.બનાવ બન્યો તેના ૨ વર્ષ પહેલા થી તેઓ હોસ્ટેલ માં રહીને અભ્યાસ કરતા હોય તેવુ બનેલ નથી. સવાલ : તમો બનાવ બન્યા ના ૧ વર્ષ પહેલા થી રહીને અભ્યાસ કરતા હતા કે ૨ વર્ષ પહેલા થી રહીને અભ્યાસ કરતા હતા આ

બંને બાબતો માંથી કઈ બાબત સાચી છે ? જવાબ : તેઓ બનાવ બન્યા ના ૧ વર્ષ પહેલા થી અભ્યાસ કરતા હતા. તેઓ ધો. ૯ માં આ સ્કુલ માં દાખલ થયેલા અને આ સ્કુલ ની હોસ્ટેલ માં રહીને અભ્યાસ કરતા હતા. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આ હોસ્ટેલ માં તેઓની સાથે ઘણા બધા છોકરાઓ રહેતા હતા અને અભ્યાસ કરતા હતા. તેઓએ ધો. ૯ માં આ સ્કુલ માં અભ્યાસ ચાલુ કરેલ અને હોસ્ટેલ માં રહેતા હતા અને તેઓને સારુ લાગતા તેમણે ધો. ૧૦ માં પણ આ જ સ્કુલ માં ભણવાનુ ચાલુ રાખેલુ. આ સ્કુલ માં ભણવાનુ સારુ હતુ અને હોસ્ટેલ સારી હતી અને શીક્ષકો સારા હતા તેથી તેઓએ આ સ્કુલ માં ભણવાનું ચાલુ રાખેલ. આ હોસ્ટેલ માં બીજા છોકરાઓ રહેતા હતા તેઓ મસ્તીમાં ઝઘડો કરતા હતા અને કયારેક કયારેક છોકરાઓ વચ્ચે જપાજપી પણ થતી હતી. સવાલ : જયારે હોસ્ટેલ માં છોકરાઓ અંદરો અંદર જપાજપી કરતા ત્યારે સ્કુલ ના શિક્ષકો તેઓને જપાજપી ન કરવા માટે ઠપકો આપતા હતા ? જવાબ : કયારેક કયારેક ઠપકો આપતા સાહેદ સ્વેચ્છા જણાવે છે કે કોઈ ક વખત માર પણ મારતા હતા.

વધુમાં તેઓ સ્વીકારે છે કે,  બાદ મારી બોર્ડ ની પરીક્ષા ચાલુ થવાની હતી. બનાવ પરીક્ષા નું ગુજરાતી ન પેપર આપવા માટે જી.એમ. પટેલ સ્કુલ માં ગયેલા.તેઓએ ધો.૧૦ ડેલ્ટા સ્કુલ માંથી પાસ કરેલ. ગુજરાતી નુ બાદ બોર્ડ ના બીજા પેપર્સ જી.એમ પટેલ સ્કુલ માં આપવા ગયેલા. પેપર આપ્યા આ પેપર્સ આપવા માટે તેઓ તેમના ઘરે થી ગયેલા. બનાવ ના દીવસે તેઓ પાર્થના હોલ માં રીડીંગ કરતા હતા. તેઓની સાથે તે દીવસે રીડીંગ કરવામાં ધો. ૧૦ અને ૧૨ ના મળી ને કુલ ૨૦૦ જેટલા વિર્ધાથીઓ હતા. વિવેક ધર્મેન્દ્રભાઈ ચોટલીયા બનાવ વખતે તેઓની સાથે ધો. ૧૦ માં અભ્યાસ કરતો હતો. બનાવ ના દીવસે વીવેક તેઓની પાછળ રીડીંગ કરતો હતો. તેઓ અને વીવેક બનાવ ના દીવસે એકબીજાના નામ બગાડી ને એકબીજાની મસ્તી કરતા હતા. આ મસ્તી ની શરુઆત વીવેકે શરુ કરેલ. તે વખતે તેઓ પણ તેની મસ્તી કરવા લાગેલા .સવાલ : તમોને વિભત્સ એટલે શુ કહેવાય તેની ખબર પડે છે ? જવાબ : ના. જી. સવાલ : તમોને ખરાબ મશ્કરી માં ખબર પડે છે ? જવાબ : હા. જી. સવાલ : વીવેકે ગાળો આપ્યા બાદ તમો એ શુ કરેલુ? જવાબ : વીવેકે ગાળો આપ્યા બાદ તેઓએ તેને હાથ પર મારવા જતા તેને મોઢુ નીચે કરેલુ જેથી તેને ગળા ના ભાગે મારા નખ વાગી ગયેલા. તેઓને નીશાની વાળા ફોટા બતાવવામાં તે જોઈને કહે છે કે તે ફોટા વિવેક ના છે .વધુમાં તેઓ સ્વીકારે છે કે, આ ફોટા તેઓના હાથ થી વીવેક ને જે નખ લાગેલા તેના છે. તે વખતે ત્યા બીજા છોકરાઓ પણ હાજર હતા. તે વખતે કોઈ છોકરાઓ તેઓને બચાવવા વચ્ચે પડેલા નહી. આ તબ્બકે બચાવપક્ષે

નીશાની થી નીશાન રજુ થયેલ જે આંકે પાડવા રજુઆત છે. જેની સામે સરકાર તરફે વી. એપીપી શ્રી એ વાંધો બીધેલ છે વી. એપીપી શ્રી ની રજુઆત છે કે હાલ ના તબ્બકે ફોટો ગ્રાફ ને આંકે પાડી શકાય નહી. આ ફોટોગ્રાફ પોપર કસ્ટડી માંથી રજૂ થયેલ નથી તેમજ આ ફોટો ગ્રાફ અસલ છે કે કેમ તે બાબતે પણ પ્રશ્નાર્થ છે તેમજ આ ફોટોગ્રાફ ને હાલ ના બનાવ થી કોઈ રીલેવન્સી ન હોય તેને આંકે પાડી શકાય નહી. જયારે બચાવપક્ષે વી.વ. શ્રી ની રજુઆત છે કે નીશાની થી નીશાની સુધી રજુ થયેલ ફોટોગાફસ આ કેસ સાથે રીલેવન્સ ધરાવે છે તેમજ સાહેદે આ ફોટો કોના છે તેવુ તેમની ઉ.ત. માં ઓળખી બતાવે છે. તેમજ આ ફોટા આ કામના સાહેદ વીવેકે તેના સ્કુલ ના ટ્રસ્ટ ને આપેલા. જેથી ઉપરોકત ફોટોગાફસ ને આંકે પાડવા રજુઆત કરેલ છે. સદર કામમાં આમ બંને પક્ષકારો ની રજુઆત ધ્યાને લીધી બચાવપક્ષે રજુ થયેલ નીશાની થી નીશાની મા રજુ થયેલ ફોટોગાફસ તેઓની પાસે કેવી રીતે આવેલ છે તે હાલના તબ્બકે સ્પષ્ટ થતુ નથી તેમજ રજુ થયેલ ઉપરોકત ફોટોગાફસ અસલ છે કે કોપી તે પણ હાલના તબ્બકે કહી શકાય નહી વધુમાં સદર કામમાં આ ફોટા સાહેદ વીવેક ના હોવાનુ બચાવપક્ષ જણાવે છે પરંતુ સદર કામમાં સાહેદ વિવેક ને હજી તપાસવામાં આવેલ નથી . વધુમાં ભારતીય પુરાવા અધીનીયમ ની કલમ ૬૨ અને ૬૩ ધ્યાને લેતા પાયમરી એવીડન્સ અને સેકન્ડર એવીડન્સ કોને કહેવાય તેની જોગવાઈ કરવામાં આવેલ છે. આમ જયારે ઉપરોકત રજુ થયેલ નીશાની થી નીશાન વાળા ફોટા પાયમરી એવીડન્સ છે કે કેમ તે હાલના તબ્બકે નકકી થઈ શકે તેમ ન હોય તેને સેકન્ડરી એવીડન્સ તરીકે પણ રેકર્ડ પર લઈ શકાય નહી. વધુમાં આ ફોટા કોના દ્વારા પાડવામાં આવેલ છે તે પણ હાલના તબ્બકે સ્પષ્ટ થતુ નથી તેમજ બચાવપક્ષને સાહેદ વીવેક ને તપાસવાની તક હાલમાં પણ રહેલી છે જેથી હાલના તબ્બકે નીશાની થી નીશાની ના ફોટાગ્રાફસ ના હાલના તબ્બકે આંકે પાડવામાં આવતા નથી.સવાલ : આ જપાજપી નો બનાવ કયારે બનેલો. જવાબ : આ જપાજપી નો બનાવ રીસેસ સમય માં બનેલો. આ જપાજપી નો બનાવ નાહવાના ઘાટ પાસે બનેલો. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આ નાહવાના ઘાટ પર હોસ્ટેલ ના વિર્ધાથીઓ નાહવા માટે આવતા હોય છે જેથી તેને નાહવાનો ઘાટ કહેવાય છે. તેઓ અને વિવેક મજાક મસ્તી કરતા હતા તેના ૫ મીનીટ બાદ જ રીસેસ પડેલી. રીસેસ ૧૦ થી ૧૫ મીનીટ નો હોય છે. આ જપાજપી નો બનાવ ઘાટ પાસે બનેલ તે વખતે ધો. ૧૨ ના વિર્ધાથીઓ પણ ત્યા હાજર હતા. રીસેસ ના સમય ની જાણ થતાં વિવેક પહેલા નાહવાના ઘાટે ગયેલો બાદ માં તેઓ તેની પાછળ ગયેલા. આ નાહવાના ઘાટ પર વીવેક ઉપરાંત કેટલાય નાસ્તા કરવાવાળા છોકરાઓ હતા. ઘાટ પર પહોચીને તેઓએ વીવેક ને પુછેલ કે ગાળો કેમ આપે છે, તે વખતે વિવેકે તેમને કંઈ કીધેલ નહીં.

બાદમાં તેઓના થી વિવેક ને હાથ પર મારવા જતા વિવેક મોઢું નીચે કરતા તેના ગળા ના ભાગે તેઓના નખ વાગી ગયેલા. તે વખતે વિવેકને લોહી નીકળેલું સવાલ : વીવેક ને લોહી નીકળેલ ત્યારે બીજા છોકરાઓ ભેગા થઈ ગયેલા? જવાબ : બીજા છોકરાઓ ત્યા પહેલા થી જ હાજર હતા. સવાલ : તે વખતે વીવીકે તમને વધુ ન મારવા જણાવેલ કે કેમ ? જવાબ : મે વીવેક ને માર મારેલ નથી. વીવેક નો શર્ટ તેના લોહી થી લાલ થયેલ નહી. બનાવ બન્યા બાદ વીવેક સાહેબ ને બોલાવવા ગયેલો. વીવેક ને ગળા ના ભાગે વાગેલ હોય તેથી તે સાહેબ ને બોલાવવા ગયેલ નહી.રીસેસ સમય પુર્ણ થતા તેઓ પાર્થના હોલ મા ફરી વાંચવા બેસી ગયેલા. સાહેદ હવે જણાવે છે કે રીસેસ સમય પહેલા જ તેઓને સ્ટાફ રૂમ મા બોલાવેલા. તે વખતે તેઓની સાથે સ્ટાફરૂમ માં બીજો કોઈ વિધાથી આવેલ નહી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, વીવેક તે વખતે હાજર ન હતો. ત્યારબાદ તેઓ રીડીંગ રૂમ માં આવીને રીડીંગ કરવા બેસી ગયેલ અને ત્યારે પણ વીવેક તેઓની પાછળ બેઠેલ હતો. આ રીડીંગ ૧૧:30 થી ૧૨:00 વાગ્યે પુર થયેલ. તેઓનું રીડીંગ પુર થયા બાદ બીજી વખત તેઓને બોલાવેલા.તેઓને બીજી વખત જયારે બોલાવેલ ત્યારે પણ સ્ટાફરૂમ માં જ બોલાવેલ અને તે વખતે તેઓની સાથે વીવેક પણ હતો. તે વખતે સ્ટાફરૂમ મા તેઓના અને વીવેક ઉપરાંત તમામ આરોપીઓ હાજર હતા. તે વખતે ત્યાં ચોકીદાર હાજર હતા કે કેમ તેની તેઓને ખબર નથી. તેઓ જયારે બીજી વખત સ્ટાફરૂમ માં ગયેલ ત્યારે ટાંક સાહેબ તેઓને કુલા ના ભાગે આડેધડ સ્ટમ્પ થી મારવા લાગેલા. તેઓ વધુમાં સ્વીકારે છે કે, તેઓએ તેઓની પોલીસ રુબરુ ની ફરીયાદ માં તેવી હકીકત લખાવેલ નહી કે " પાર્થના હોલ માં પડેલ સ્ટમ્પ ટાંક સાહેબ ના હાથમાં હોય તે સ્ટમ્પ વડે ટાંક સાહેબે તેઓને કુલા ના ભાગે આડેધર માર મારેલ " તેઓને ટાંક સાહેબે માર મારેલ ત્યારબાદ તેઓ રીડીંગરુમ માં બેસેલ અને બાદ માં તેઓ તેઓના હોસ્ટેલ ના રૂમ માં જતા રહેલા. બનાવ ના બીજા દીવસે સવારે ૯:30 વાગ્યે તેઓને ગુજરાતી નુ પેપર હતુ. તે દીવસે તેઓ તેઓના મીત્રો સાથે પેપર આપવા માટે જતો રહેલા. ડેલ્ટા સ્કુલ થી ધ્રોલ ની સરકારી હોસ્પીટલ નજીક પડે છે. તેઓની સ્કુલ મા છોકરાઓ સાજા માંદા હોય તો તેઓને ફલ્લા અથવા તો ધ્રોલ દવાખાને લાવવામાં આવે છે. તેઓ તેઓના પિતા અને કાકા સાથે જામનગર જી.જી.હોસ્પીટલ ગયેલો અને તે સમયે તેઓની સાથે બીજુ કોઈ ન હતુ.તેઓ જામનગર હોસ્પીટલ ટુ વ્હીલ માં ગયેલા. જામનગર હોસ્પીટલ માં પોલીસવાળા તેઓની કોઈ પુછપરછ કરવા આવેલા નહી. તેઓએ જામનગર હોસ્પીટલ માં ૧ દીવસ સારવાર લીધેલ અને સારવાર લઈને તેઓ પો.સ્ટે. ગયેલા. પો.સ્ટે. જવાનુ તેઓએ નક્કી કરેલુ અને પો.સ્ટે. એ તેઓ અને તેઓના પિતા અને કાકા ત્રણેય ગયેલા. પો.સ્ટે. તેઓ રાત્રીના ૧૨ વાગ્યે

પહોચેલા. ત્યારે ત્યા પોલીસ સાહેબ હાજર હતા . તે વખતે ત્યા કોઈ મીડીયા ના માણસો હાજર ન હતા. તે વખતે તેઓને બહાર બાકડા પર બેસાડેલ અને પોલીસવાળા સાહેબ અંદર હતા. તે વખતે પોલીસે તેઓને તેમનુ નામ, પિતાનુ નામ, મોબાઈલ નંબર, રહેઠાણ, અને જ્ઞાતી પુછેલા.વધુમાં તેઓ સ્વીકારે છે ક, તે વખતે તેઓ બોલતા હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ. પોલીસે તે લખેલ કાગળ તેઓને પરત આપી દીધેલ.તેઓ ડેલ્ટા સ્કુલ મા ૨ વર્ષ ભણેલ હોય તેઓ આરોપીઓને તેઓના શીક્ષકો તરીકે ઓળખે છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, કીર્તીભાઈ તેઓના રણજીતપર ગામના છે અને તેઓના સંબંધી થાય છે. તેઓના પિતાજી અને કીર્તીભાઈના પિતાજી વચ્ચે જમીન ની તકરાર ચાલતી હોય આરોપીઓ વીરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે.

9. હાલના કેસમાં ફરીયાદપક્ષ એ આંક-૪૭ થી સંદીપભાઈ ભીમજીભાઈ ને સોગંદ પર તપાસેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આજ થી આશરે દોઢેક વર્ષ પહેલા તેઓના મીત્ર તેજસભાઈ એ તેઓને સવાર ના સમયે બોલાવેલા હતા. તેઓને તેજસભાઈ એ ધ્રોલ પો.સ્ટે. એ બોલાવેલા હતા ત્યા ડેલ્ટા સ્કુલ ના ૨ સંચાલક અને બીજા ૨ થી ૩ માણસો હાજર હતા. પોલીસે તેઓને સહી કરવાનુ કહેલ. આ સહી એક લખેલા કાગળ માં કરાવેલી. સહી કર્યા સીવાય લખાણ બાબતે તેઓ કશુ જાણતા નથી. પોલીસે ડેલ્ટા સ્કુલ પાસે તેઓને પંચ માં બોલાવેલ હોય તેવુ બનેલ નથી. તેઓને આજરોજ પંચનામા ની ખરીનકલ બતાવવામાં આવે છે તેમા પંચ નં ૨ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે પંચનામા ની ખરીનકલ ને આંકે આપવા સારુ બચાવપક્ષે વાંધો ન હોય જે આંક-૪૮ થી રજુ છે.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે, તેઓએ પોલીસના કહેવાથી માત્ર પંચનામામાં સહી કરી આપેલ તે સીવાય પંચનામા બાબતે તેઓને કોઈ માહિતી નથી.

10. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૫૧ થી ગોવીંદભાઈ ધરમશીભાઈ ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજ થી આશરે ૧.૫ વર્ષ પહેલા ડેલ્ટા સ્કુલ માં રાત્રી ના વાડી એ હતો તે વખતે તેઓના કાકા નો દીકરો જગદીશભાઈ તેમના દીકરા ને ડેલ્શ સ્કુલ માં મુકવા ગયેલ હતો અને ત્યાંથી તેઓને ફોન કરી વાત કરેલ કે દીકરા દર્શન ને ૬ શીક્ષકો એ માર મારેલો છે. ત્યારબાદ તેઓ અને અરજણભાઈ સવાર ના આશરે ૮ થી ૮:30 વાગ્યે ડેલ્ટા સ્કુલે ગયેલા અને ત્યા જઈને સ્કુલ ના સાહેબ ને છોકરા ને બોલાવવા કહેલ અને તેઓએ

છોકરા ને બોલાવેલ નહી તે દરમ્યાન સ્કુલ માં ભણતા છોકરાએ તેઓને જોઈ લેતા દર્શન ને તેઓ પાસે મોકલેલ અને દર્શન તેઓ પાસે આવેલો અને દર્શને કહેલ કે બસ તૈયાર થઈ ગઈ છે અને મારે પેપર આપવા જવુ છે તેવું કહેલ અને દર્શન પેપર દેવા માટે જતો રહેલો અને તેઓ વાડીએ પરત આવી ગયેલ. ત્યારબાદ તેઓ અને અરજણભાઈ અને જગદીશભાઈ આશરે ૨:૩૦ વાગ્યે ડેલ્ટા સ્કુલે ગયેલા અને તે સમયે સાહેબ ને છોકરા ને બોલાવવા કહેલ પરંતુ સાહેબે છોકરા ને બોલાવેલ નહી પરંતુ બીજા છોકરા તેઓને ત્યા જોઈ જતા તેઓએ દર્શન ને તેઓના પાસે મોકલેલ અને તેઓએ દર્શન ને જોયેલ તો કુલા ના ભાગે, વાસા ના ભાગે અને આગળ ના ભાગે લોહી મરી ગયેલા હતા અને દર્શને તેઓને વાત કરેલ કે હું વાંચતો હતો. તે વખતે મને એક રુમ માં બોલાવી ને કપીલ સાહેબે લાકડી મારેલ અને ટાંક સાહેબે સ્ટમ્પ મારેલ અને ભુપેન્દ્ર સાહેબ ચપલ મારેલ અને કીર્તીન સાહેબ અને અજય સાહેબ અને કૌશીક સાહેબે થપ્પડો મારેલી અને ત્યારબાદ તે ભણવા જતો રહેલો અને ત્યારપછી ફરી થી મને બોલાવેલ અને એક રૂમ માં બોલાવી માર મારેલ અને ધમકી આપેલ કે તારા મા બાપ કે સગા સંબંધી ને કહીશ તો પંખે લટકાવી ને મારી નાખીશ તેવી વાત તેઓને દર્શને કરેલ. ત્યારબાદ દર્શન ને તેઓ જી.જી.હોસ્પીટલે સારવાર માટે લઈ ગયેલા અને ત્યા રાત્રીના ૧૨ થી ૧વાગ્યે તેઓને રજા આપેલી અને જી.જી.હોસ્પીટલ થી ધ્રોલ પો.સ્ટે. આવેલા અને તેઓને બહાર કાઢેલા અને દર્શન ને પુછપરછ કરેલી અને દર્શને કેસ કરેલો. પોલીસે આ બનાવ બાબતે બીજા દીવસે સવારે પોલીસ ચોકી એ તેઓની પુછપરછ કરેલી. આરોપીઓમાં કીર્તીન સાહેબ ને તેઓ ઓળખી શકે બીજા સાહેબો ને તેઓ ઓળખી શકે નહી. કીર્તીન સાહેબ આજરોજ નામ. કોર્ટ માં હાજર નથી

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે, તેઓ જે દીવસે પો.સ્ટે. માં રાત્રી ના ફરીયાદ કરવા ગયેલ તે દીવસે પોલીસ તેઓને બીજા દીવસે સવારે આવવા કહેલું. બીજા દીવસે સવારે તેઓ ત્રણેય ભાઈઓ અને દર્શન પો.સ્ટે .ગયેલા. પોલીસે બીજા દીવસે તેઓની કોઈ સહી લીધેલ નહી તેઓના બીજા ભાઈઓ કે દર્શન ની સહી લીધેલ હોય તો તે તેઓને ખબર નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, તે વખતે પોલીસે દર્શન ને અંદર બેસાડેલ અને તેઓને બહાર બેસવા જણાવેલ. દર્શન ને પોલીસે અંદર પુછપરછ કરવા બેસાડેલો.તે વખતે સવારે પોલીસે દર્શન ને એકાદ કલાક પુછપરછ કરેલી. તેઓ પોલીસ સ્ટે. સવારે ૯ વાગ્યે આવી ગયેલા અને તેના એકાદ કલાક બાદ પોલીસવાળાએ તેઓને બોલાવેલા. તે વખતે પોલીસે માત્ર દર્શન ની પુછપરછ કરેલી

તેઓની કોઈ પુછપરછ કરેલ નહી. તે દીવસ બાદ થી આજદીન સુધી પોલીસે તેઓની કોઈ પુછપરછ કરેલ નહી. દર્શન સાથે જે બનાવ બનેલ તેની સૌપ્રથમ જાણ તેઓને જગદીશભાઈએ સવાર ના ૮ થી ૮:૩૦ વાગ્યે કરેલી. જગદીશભાઈ એ જયારે તેઓને ફોન દવારા જાણ કરેલ ત્યારે તેઓ વાડીએ તેઓના ભાઈ અરજણભાઈ સાથે હતા. તે વખતે આ બનાવ બાબત ની તેઓએ કોઈને વાત કરેલ અને તેઓ સીધા નીશાળે ગયેલા. તેઓના પરીવાર માં તેઓના બા બાપુજી, તેઓના પત્ની અને મોટા ભાઈ અને ૩ દીકરીઓ છે. તે વખતે તેઓએ દર્શન સાથે ના બનાવ ની વાત તેઓના પરીવાર માં કોઈ સાથે કરેલ નહી. બનાવ ની જાણ તેઓને થતા તેઓ વાડી એ થી તેઓના ભાઈ સાથે મો.સા. લઈને સ્કુલે જવા નીકળેલો. સવાલ : ઉપરોકત હકીકત તમોએ તમારા પોલીસ રુબરુ ના નીવેદન માં લખાવેલ નહી? જવાબ : પોલીસે અમારી કોઈ પુછપરછ કરેલ નહી. સવાલ : જગદીશભાઈ નો તમોને પ્રથમ વખત દર્શન સાથે ના બનાવ ની જાણ કરતો ફોન આવતા તમો અને અરજણભાઈ પ્રથમ વખતે ડેલ્ટા સ્કુલે ગયેલ હોય ત્યારે દર્શન પરીક્ષા આપવા માટે ગયેલ હોય તેથી દર્શન તમોને મળેલ નહી તેવુ બનેલ જવાબ : ના. જી. દર્શન તે વખતે અમોને મળેલ પરંતુ તે પરીક્ષા આપવા જતો હોય અમારે તેની સાથે કોઈ વાત થયેલ નહી. તેઓ ડેલ્ટા સ્કુલે પ્રથમ વખતે ૮ થી ૮:૩૦ ની આસપાસ પહોચેલા. તે દીવસ જગદીશભાઈ તેઓને રસ્તા માં કે સ્કુલ માં ક્યાંય મળેલ નહી. સવારે જયારે જગદીશભાઈ નો પ્રથમ વખત ફોન આવેલ ત્યારે તેઓએ જગદીશભાઈ ને સ્કુલે હાજર રહેવા માટે કહેલ નહી. તેઓ સ્કુલે થી પ્રથમ વખત ઘરે ગયા બાદ તેઓએ દર્શન સાથે ના બનાવ ની વાત તેઓના પરીવાર ના સભ્યો ને કરેલી . સવાલ : તમોને સુરેશભાઈ એ શુ કહેલ ? જવાબ: સુરેશભાઈ એ મને કહેલ કે આવુ તો ચાલ્યા જ રાખે દર્શન સાથે ના બનાવ ની વાત નીમેશે જગદીશભાઈ ને કરેલી તેવુ તેઓને જગદીશભાઈ એ જણાવેલુ. ત્યારબાદ તેઓ તથા જગદીશભાઈ તથા અરજણભાઈ એ ફરી થી સ્કુલ જવા નકકી કરેલુ. તેઓ બપોરના ૨ થી ૨:૩૦ વાગ્યા ની વચ્ચે ત્રણેય ભાઈઓ ડેલ્ટા સ્કુલે જવા નીકળેલા. વધુમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ દર્શન સાથે થયેલ બનાવ જોઈને તે વાત સ્કુલ ના શીક્ષક સંજયભાઈ અને સુરેશભાઈ ને કરવા ગયેલા છે કે તેઓ સંજયભાઈ અને સુરેશભાઈ પાસે દર્શન ને સારવાર માટે લઈ જવો હોય તે વાત કરવા માટે ગયેલા. તેઓ સ્કુલ ના શીક્ષકો સંજયભાઈ અને સુરેશભાઈ સાથે વાત કરીને દર્શન ને સારવાર કરાવવા માટે લઈ ગયેલા અને તેના કપડા અને સામાન તેની પરીક્ષા પુરી થઈ ગયા બાદ સ્કુલે લેવા ગયેલા. દર્શન ની પરીક્ષા કઈ તારીખે પુરી થયેલ તે તેઓને યાદ નથી. તેઓને તેમના ગામ અને ફલ્લા મુકામે આવવા જવાનુ થતુ હોય છે. ધ્રોલ અને ફલ્લા મુકામે સરકારી દવાખાનુ

આવેલ થી ધ્રોલ છે કે કેમ તેની તેઓને ખબર નથી. દર્શન ને સારવાર માટે જી.જી.હોસ્પીટલ જામનગર મુકામે લઈ તેઓ ત્રણેય એ નકકી કરેલ અને તેઓ તેને બાઈક બેસાડી ને લઈ ગયેલા. તેઓ ડેલ્ટા સ્કુલ થી લઈ જવાનુ જામનગર જી.જી.હોસ્પીટલ જવા માટે આશરે સાંજ ના ૫ વાગ્યે નીકળી ગયેલા. તે વખતે પણ તેઓએ દર્શન સાથે બનેલ બનાવ ની વાત કોઈ ગામ ના આગેવાનો કે સગા સંબંધીઓને કે ઘરે કરેલ નહી.

11. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૫૩ થી જગદીશભાઈ ભુરાભાઈ ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજ થી આશરે ૨ વર્ષ ની આસપાસ ડેલ્ટા સ્કુલ માં બનેલો. બનાવ કેટલા વાગ્યે બનેલ તેની તેઓને ખબર નથી. બનાવ બનેલ તે સમયે તેઓ તેમના ઘરે રણજીતપર મુકામે હતા. બનાવ ના ૨ દીવસ બાદ તેઓ તેમના દીકરા ક્રીસ ને ડેલ્ટા સ્કુલે મુકવા માટે ગયેલા અને ત્યા હોસ્ટેલ ની રુમ માં નીમેશ તેઓની વાટ જોઈને બેઠેલ હતો અને તેઓ ગયેલા તે સમયે નીમેશે કહેલ કે સાહેબો એ દર્શન ને મારેલ છે. જેથી તેઓએ નીમેશ ને પુછેલ કે કેમ મારેલ છે તેથી નીમેશે જણાવેલ કે છોકરા છોકરા મસ્તી કરતા હતા તેમા સાહેબોએ બોલાવીને દર્શને માર મારેલો. ત્યારબાદ તેઓએ દર્શન ને તેઓના છોકરા ની રૂમ પર બોલાવેલો અને તેઓએ દર્શન ના કપડા ખોલીને જોયેલુ તો દર્શન ને વાસા માં અને કુલા પર લાલ કાળા જેવા ડાઘ હતા. આ ડાઘ માર માર્યા ના હતા. ત્યારબાદ તેઓએ દર્શન ના પીતા ને ફોન કરેલ અને તેઓએ તેઓને જણાવેલ કે દર્શન ને સાહેબોએ માર મારેલ છે. ત્યારબાદ તેઓ સ્કુલ થી નીકળી ગયેલા અને એ જ દીવસે સાંજના ચારેક વાગ્યે દર્શન ના પીતા ગોવીંદભાઈ નો ફોન આવેલ અને તેઓને કહેલ કે તુ અને અરજણભાઈ બંને ડેલ્ટા સ્કુલે આવો તેવુ તેઓને ફોન માં જણાવેલ તે સીવાય બીજી કોઈ હકીકત તેઓને ફોન માં જણાવેલ નહી. ત્યારબાદ તેઓ અને અરજણભાઈ ચારેક વાગ્યા ની આસપાસ ડેલ્ટા સ્કુલે ગયેલા અને દર્શન ના પીતા એ તેઓને કહેલ કે દર્શન ને જામનગર જી.જી.હોસ્પીટલ માં સારવાર માટે લઈ જવાના છે. ત્યારબાદ તેઓ, અરજણભાઈ અને ગોવીંદભાઈ ત્રણેય દર્શન ને લઈને જામનગર જી.જી.હોસ્પીટલ માં ગયેલા અને ત્યા દર્શને સારવાર લીધેલ. દર્શન ને જે સાહેબોએ માર મારેલ હતો તેઓના નામ શુ હતા તેની તેઓને ખબર નથી.

તેઓ તેઓને જોયે થી પણ ઓળખતા નથી. પોલીસે આ બનાવ બાબતે તેઓની પુછપરછ કરેલી. આ બનાવ ની ફરીયાદ દર્શને આપેલ હતી.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ જણાવે છે કે, તેઓ તેમના દીકરા ક્રીસ ને તેઓના ગામે રણજીતપર થી ડેલ્ટા સ્કુલે મુકવા માટે સવારે ૬:૩૦ વાગ્યે નીકળેલા. તે વખતે તેઓનો દીકરો ક્રીસ ધો.૬ માં અભ્યાસ કરતો હતો અને ડેલ્ટા સ્કુલ ની હોસ્ટેલ મા રહેતો હતો. સવાલ : તમોએ તમારા પોલીસ રુબરુ ના નીવેદન માં એવી હકીકત લખાવેલ કે " હુ જયારે ક્રીસ ને મુકવા ડેલટા સ્કુલે ગયેલો ત્યારે હોસ્ટેલ ની રૂમ માં નીમેશ મારી વાટ જોઈને બેઠેલ હતો."? જવાબ : તેઓએ પોલીસ ને જણાવેલ. પોલીસે લખેલ કે કેમ તેની તેઓને ખબર નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, ગોવીંદભાઈ તેઓના અદા ના દીકરા ભાઈ થાય છે અને તે નાતે દર્શન તેઓનો ભત્રીજો થાય છે.તેઓ ક્રીસ ને મુકવા માટે તેના રૂમ સુધી જતા હોઈએ છીએ. તેઓનો ભત્રીજો નીમેશ બનાવ વખતે ધો. ૧૧ મા ભણતો હતો.તેઓને નીમેશ કે દર્શને કોઈ માર મારનાર શીક્ષકો ના નામ જણાવેલ નહી. તેઓએ તેમના પોલીસ રુબરુ ના નીવેદન માં દર્શન ને કેમ મારેલ છે તેવુ તેઓએ નીમેશ ને પુછેલ હોય તેવી હકીકત લખાવેલ નહી. તેઓએ તેમના પોલીસ રુબરુ ના નીવેદન માં " તેઓએ નીમેશ ને પુછેલ કે કેમ મારેલ છે તેથી નીમેશે જણાવેલ કે છોકરા છોકરા મસ્તી કરતા હતા તેમા સાહેબોએ બોલાવીને દર્શને માર મારેલો. ત્યારબાદ તેઓએ દર્શન ને તેઓના છોકરા ની રૂમ પર બોલાવેલો અને તેઓએ દર્શન ના કપડા ખોલીને જોયેલુ તો દર્શન ને વાસા માં અને કુલા પર લાલ કાળા જેવા ડાઘ હતા. આ ડાઘ માર માર્યા ના હતા" તેવી હકીકત લખાવેલ નહી. સવાલ : તમારા કહયા મુજબ તમો તમારા દીકરા ક્રીસ ને ડેલ્ટા સ્કુલ માં મુકવા ગયેલા ત્યારે તમોએ હોસ્ટેલ માં દર્શન ના કપડા કાઢીને જોયેલ ત્યારબાદ બીજી વખત તમોએ દર્શન ના કપડા કાઢી ને જોયેલ નહી ? જવાબ : હા. જી. મે દર્શન ના પીતા ને તે દીવસે સવાર ના ૮:૧૫ વાગ્યે ક્રીસ ના હોસ્ટેલ ના રુમ માંથી ફોન કરેલ.તેઓએ દર્શન ના પીતા ને ફોન કરીને જણાવેલ કે દર્શન ને સાહેબો એ માર મારેલ છે તેવુ તેઓએ તેઓના પોલીસ રુબરુ ના નીવેદન માં લખાવેલ નહી. તે વખતે દર્શન ના પીતા ગોવીદભાઈ એ તેઓને સ્કુલ માં રોકાવા જણાવેલ નહી અને તે સીવાય

ગોવીંદભાઈ એ તેઓને બીજું કંઈ જણાવેલ નહી. તેઓને નીમેશે દર્શન ને માર માર્યા ની જાણ કર્યા બાદ અને તેઓને દર્શન ના કપડા કાઢી ને તેના શરીરે માર માર્યા ના નીશન જોયા બાદ તેઓએ સ્કુલ ના હોસ્ટેલ ના કોઈ સાહેબ ને કે સ્કુલ ના કોઈ આચાર્ય ને મળવાનો પ્રયત્ન કરેલ નહી.તેઓએ તેમના ભત્રીજા ને તે વખતે નજીક ની કોઈ હોસ્પીટલ માં લઈ જવાનો પ્રયત્ન કરેલ નહી. તે વખતે તેઓએ ગોવીંદભાઈ ને ફોન પર એવુ કંઈ જણાવેલ નહી કે તેઓ સ્કુલે ઉભા રહે છે તમો જલદી થી સ્કુલે આવો અને આપણે સાથે દર્શન ને હોસ્પીટલે લઈ જઈએ તેવી કોઈ વાત કરેલ નહી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, ત્યારબાદ તેઓ તેઓના ગામ રણજીતપર જતા રહેલા.તેઓ કેટલા વાગ્યે તેઓના ગામે પહોચેલ તે તેઓને ખબર નથી. તે વખતે તેઓને રસ્તા માં ગોવીંદભાઈ કે અરજણભાઈ મળેલા નહી. સવાલ : તે દીવસે બપોરના સમયે તમો તથા ગોવીંદભાઈ અને અરજણભાઈ તમારા ગામ રણજીતપર થી મો.સા. લઈને ડેલ્ટા સ્કુલ જવા નીકળેલ હોય અને બપોરના ૨:30 વાગ્યે ડેલ્ટા સ્કુલે પહોચેલ હોય તેવુ કંઈ બનેલ નહી જવાબ : તેઓ બપોર ના ડેલ્ટા સ્કુલે ગયેલ નહી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, તેઓ તથા અરજણભાઈ અને ગોવીદભાઈ બપોર ના ૨:30 વાગ્યે ડેલ્ટા સ્કુલે ગયેલ હોય અને ત્યારે દર્શન ના કપડા કાઢીને તેને થયેલ ઈજાઓ જોયેલ હોય તેવુ બનેલ નહી. તે વખતે દર્શને તેઓને આખા બનાવ ની વાત કરેલ હોય તેવુ પણ બનેલ નહી. ગોવીદભાઈ નો તેઓને ૪ વાગ્યે ડેલ્ટા સ્કુલ માં આવવા માટે કયાંથી ફોન આવેલ તેની તેઓને ખબર નથી.તેઓ જયારે ૪ વાગ્યે ડેલ્ટા સ્કુલે ગયેલ ત્યારે ગોવીદભાઈ પહેલા થી હાજર હતા.

12. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૫૯ થી અરજણભાઈ ધરમશીભાઈ ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા. ૧૩/03/૨૦૧૭ ના રોજ ડેલ્ટા સ્કુલમાં રાત્રીના સમયે બનેલો. બનાવ બનેલ તે સમયે ગામડે ઘરે હતા.ત્યારબાદ તા. ૧૫/03/૧૭ ના રોજ તેઓ તેઓની વાડીએ કામ કરતા હતા તે સમયે ગોવિંદભાઈ તેઓની વાડીએ આવેલા અને તેઓએ તેમને વાત કરેલી કે દર્શનને શિક્ષકોએ માર મારેલ છે તેને આપણે જોવા જવુ છે. ત્યારબાદ તેઓ અને ગોવિંદભાઈ સવારના નવેક વાગ્યાની આસપાસ મોટર સાયકલ ઉપર ડેલ્ટા સ્કુલે આવેલા.તેઓ સ્કુલે ગયેલા તે સમયે દર્શને પરિક્ષા ચાલતી હોય તે પરિક્ષા આપવા માટે જતો રહેલો હતો અને દર્શન ભેગો થયેલ નહી જેથી તેઓ તેઓના ઘરે જતા

રહેલા. ત્યારબાદ તે જ દિવસે બપોરના અઢી વાગ્યે ગોવિંદભાઈનો ફોન આવેલો અને તેઓએ તેમને ફોનમાં જણાવેલ કે આપણે દર્શનને પાછુ મળવા જવુ છે. ત્યારબાદ બપોરના ત્રણેક વાગ્યાની આસપાસ ડેલ્ટા સ્કુલે દર્શનને મળવા માટે ગયેલા. તેઓ સકુલે પહોંચેલા તે સમયે દર્શન પરિક્ષા આપીને આવી ગયો હતો. જેથી દર્શનને તેના પપ્પાએ બધુ પુછેલુ અને દર્શનના પપ્પાએ દર્શનને પુછેલુ કે, શિક્ષકોએ તને માર મારેલો છે તે દરમ્યાન તેઓને ફોન આવેલો જેથી તેઓ થોડોક બાજુમાં જતો રહેલો અને ત્યારબાદ તેઓનો ફોન પતી જતા તેઓ દર્શન પાસે ગયેલા અને તેઓએ દર્શનને પુછેલુ કે તને કયાં માર મારેલો છે અને દર્શને તેઓને બતાવેલ તો દર્શનને કુલાના ભાગે અને પીઠના ભાગે મારેલુ હતુ. ત્યારબાદ તેઓ અને ગોવિંદભાઈ દર્શનને લઈને જામનગર દવાખાને ગયેલો અને દવાખાનેથી તેઓ નીકળી ગયેલા. દવાખાને દર્શન અને તેના પપ્પા હતા. દવા લીધા બાદ ગોવિંદભાઈએ તેઓને ફોન કરતા તેઓ તેઓના કામ પતાવીને પાછા દવાખાને ગયેલા ત્યારબાદ તેઓ, ગોવિંદભાઈ અને દર્શન ધ્રોલ પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા માટે આવેલા અને પોલીસ સ્ટેશનમાં દર્શનભાઈએ ફરીયાદ લખાવેલી. બનાવ કેવી રીતે બનેલો તેની તેઓને ખબર નથી. દર્શનને કોણે શું મારેલુ તેની તેઓને ખબર નથી કે આ બાબતે પાછળથી પણ તેઓએ કંઈ જાણેલુ નહી. પોલીસે તેઓનું નામ ઠામ પુછેલુ તે સિવાય બનાવ બાબતે કંઈ પુછપુરછ કરેલી નહી.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલી ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે, ગોવિંદભાઈ તેઓના નાના સગા ભાઈ થાય છે. દર્શન તેઓનો સગો ભત્રીજો થાય છે. ગોવિંદભાઈ સવારે જયારે તેઓને વાડીએ બોલાવા આવેલા અને જણાવેલ કે દર્શનને શિક્ષકોએ માર મારેલ છે ત્યારે તેઓએ ગોવિંદભાઈને આ બાબતની જાણ કેવીરીતે થયેલ તે બાબતે તેઓએ ગોવિંદભાઈને કંઈ પુછેલ નહી. રણજીતપર મુકામે રહે છે. તેઓની વાડી ગામથી દોઢેક કિલોમીટર દુર આવેલી છે. ગોવિંદભાઈ તેઓની પાસે વાડીએ આશરે સવારે સવા આઠ થી સાડા આઠ વાગે આવેલા. સવાલ: ગોવિંદભાઈ સવારે તમારી પાસે કંઈ કામ માટે આવેલા? જવાબ: દર્શનને શિક્ષકોએ માર મારેલ છે તેથી સ્કુલે જવા માટે બોલાવા આવેલા. ત્યારબાદ તેઓ ગોવિંદભાઈ સાથે તેમના મોટર સાયકલમાં બેસીને ગયેલો, તે વખતે તેઓએ ગોવિંદભાઈને સ્કુલે ફોન કરીને દર્શન સ્કુલમાં છે અને તેને માર મારેલ છે તે અંગે ખરાઈ કરવા માફે ફોન કરવા કહેલ નહી. તેઓના સંતાનોમાં કોઈ ડેલ્ટા સ્કુલમાં અભ્યાસ કરતુ નહી. તેઓની વાડીએથી ડેલ્ટા સ્કુલ આશરે દોઢ થી બે કીમીના અંતરે આવેલ છે. તેઓ તે દિવસે ડેલ્ટા સ્કુલે આશરે નવ વાગ્યે પંહોચેલા. સ્કુલમાં

પ્રવેશ કરતા પહેલા ગેઈટે ચોકીદારનો રૂમ આવે છે. સવાલ : તમો સ્કુલે ગયેલા ત્યારે તમોએ સ્કુલના ચોકીદારને કંઈ લખાવેલુ? જવાબ :તેઓએ ચોકીદારને જણાવેલ કે તેઓને સાહેબને મળવુ છે. તેઓએ સુરેશ સાહેબને મળવા માટે ચોકીદારને જણાવેલ. સ્કુલમાં સુરેશ સાહેબને મળવા માટેનુ તેઓ બંને ભાઈઓએ નકકી કરેલુ. સવાલ : ત્યારબાદ ચોકીદાર તમને શું કીધેલુ? જવાબ : ચોકીદારે તેઓને સુરેશભાઈને મળી આવવાનું કીધેલુ. ત્યારબાદ તેઓ બંને ભાઈઓ સુરેશ સાહેબને મળેલા. તેઓ સુરેશ સાહેબને ગ્રાઉન્ડ પર મળેલા. તેઓ જયારે સુરેશ સાહેબને મળેલા ત્યારે સ્કુલના ગ્રાઉન્ડ પર બીજા બે ત્રણ સાહેબો હતા અને પરિક્ષા ચાલતી હોય તે સિવાય બીજા કોઈ ત્યાં હાજર ન હતા.વધુમાં તેઓ સ્વીકારે છે કે, તે વખતે તેઓએ સ્કુલમાં જઈને સ્કુલના સાહેબને છોકરાને બોલવવા જણાવેલ હોય અને તેઓએ છોકરાને બોલાવેલ ન હોય તેવુ બનેલ નથી. તે દરમ્યાન સ્કુલમાં ભણતા છોકરાએ તેઓને જોઈ લેતા દર્શનને તેઓની પાસે મોકલેલ હોય તેવુ બનેલ નથી. સવાલ : તમો સુરેશ સાહેબ પાસે કેટલીવાર રોકાયેલા? જવાબ : તેઓ સુરેશ સાહેબ પાસે જઈને તેઓને દર્શનને મળવુ છે તેવુ જણાવેલું ત્યારે સુરેશ સાહેબે તેઓને જણાવેલ કે દર્શન પરિક્ષા આપવા માટે ગયેલ છે અને તે બપોરે એક થી બે વાગે આવશે એટલે તેઓ ત્યાંથી તરત જતા રહેલા. સવાલ : તમો બંને ભાઈઓ સવારે ડેલ્ટા સ્કુલે ગયેલ ત્યારે દર્શને તમોને એવુ જણાવેલ કે બસ તૈયાર થઈ ગઈ છે મારે પેપર આપવા જવુ છે તેમ કહીને જતો રહેલ તેવુ બનેલુ? જવાબ : તેઓ સુરેશ સાહેબ પાસે ઉભા હતા ત્યારે પરિક્ષાની બસ જતી હતી અને અમુક છોકરાઓ બેસી ગયેલ હતા ત્યારે દર્શનએ તેઓને કહેલ કે અદા, મારે પરિક્ષા આપવા જવુ છે તેમ કહીને બસમાં બેસી ગયેલો. ત્યારબાદ તેઓ સવારે સાળા નવની આસપાસ સ્કુલેથી નીકળીને રણજીતપરા જતા રહેલા. ત્યારબાદ બપોરે ત્રણેક વાગ્યાની આસપાસ તેઓ અને ગોવિંદભાઈ બંને પાછા ડેલ્ટા સ્કુલે આવેલા. વધુમાં તેઓ સ્વીકારે છે કે, ગોવિંદભાઈ પહેલા ડેલ્ટા સ્કુલે પહોંચી ગયેલ હોય અને તેઓ પાછળથી સ્કુલે ગયેલ હોય તેવુ બનેલ નથી. ત્યારબાદ સ્કુલમાં તેઓ સાહેબને મળવા માટે સીધા અંદર જતા રહેલા. તે વખતે તેઓ સુરેશ સાહેબને મળેલા.વધુમાં તેઓ સ્વીકારે છે કે, તે વખતે તેઓએ સુરેશ સાહેબને દર્શનને મળવા જણાવેલ અને સુરેશ સાહેબે દર્શનને બોલાવેલ.તેઓ બપોર પછી સ્કુલે ગયેલ હોય અને તે સમયે સાહેબને છોકરાને બોલાવવાનું કહેલ હોય અને તે સમયે સાહેબે છોકરાને બોલાવેલ ન હોય તેવુ બનેલ નથી. તે વખતે સ્કુલના બીજા છોકરાઓ તેઓને ત્યાં જોઈ જતા તે છોકરાઓએ દર્શનને તેઓની પાસે મોકલેલ હોય તેવુ બનેલ નથી.સવાલ : તમારો ફોન આવેલો ત્યારે તમારો અને દર્શન તથા તેના પિતાનું અંતર કેટલુ હતુ? જવાબ : તે વખતે તે જ ગ્રાઉન્ડમાં આજુબાજુનું અંતર

હતુ. વધુમાં તેઓ સ્વીકારે છે કે, તે દિવસે બપોરે ચાર વાગ્યે તેઓ અને જગદીશભાઈ ડેલ્ટા સ્કુલે ગયેલ હોય અને ગોવિંદભાઈ પહેલાથી ત્યાં હાજર હોય તેવુ બનેલ નથી.

13. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૯૨ થી વીવેક ધર્મેન્દ્રભાઈ ચોટલીયા ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આશરે પાંચ સાત વર્ષ પહેલા સોયલ ગામે ડેલ્ટા સ્કુલમાં બનેલો. બનાવના એક દીવસ પહેલા જયારે તેઓ ઘાટમા નાહતા હતા ત્યારે દર્શન મારકણાના નામના વીધાર્થી એ તેઓ સાથે ખરાબ મસ્તી કરેલી અને તેથી તેઓને બોલાચાલી થતા દર્શને તેઓને માર મારેલો. દર્શને તેઓને વીખોડીયા ભરેલા હતા. જેથી તેઓએ સ્કુલ ના સ્ટાફને આ અંગે ફરીયાદ કરેલી જેથી તેઓના સાહેબે કહેલુ કે અત્યારે પરીક્ષા ચાલુ છે એટલે તમે અભ્યાસમા ધ્યાન આપો. આ બનાવના બીજા દીવસે જયારે તેઓ વાચતા હતા ત્યારે દર્શને ફરીવાર મસ્કરી કરેલી જેથી તેઓએ સાહેબેને ફરી વાર ફરીયાદ કરેલી અને ત્યારબાદ દર્શનને ઠપકો આપેલો અને રવાના કરેલો અને તેઓ તેમના રુમમા વાચવા ગયેલા.

એવુ બનેલ નથી કે દર્શનને તેઓના સાહેબે લાકડી વડે માર મારેલો કે ઝાપટો મારેલ હોય કે ચપલ વડે માર મારેલ હોય કે સ્ટમ વડે માર મારેલ હોય.

દર્શને તેઓને માર મારેલો એ બાબતે જે તે સમયે તેઓની પરીક્ષા ચાલુ હતી જેથી તેઓએ પોલીસમા ફરીયાદ આપેલી નહી અને તેઓ ત્યારે નાના હતા જેથી તેઓને કોઈ ખબર ન હતી.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે, બનાવ સમયે તેઓની અને દર્શનની દસમા ધોરણની પરીક્ષા ચાલુ હતી. તેઓને માર્ક ૩૭/૧ થી ૩૭/૫ ના ફોટોગ્રાફ બતવવામા આવે છે જે જોઈને કહે છે કે તે તમામ ફોટોગ્રાફ તેઓના છે જે ડેલ્ટા સ્કુલમા તેઓ અભ્યાસ કરતા હતા ત્યારે પાડવામા આવેલ ત્યારે તેઓને દર્શન મારકણાએ માર મારેલ ત્યારે પાડેલા.વધુમાં તેઓ સ્વીકારે છે કે, તેઓની હાજરીમા કોઈએ કોઈને માર મારેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં તેઓ સ્વીકારે છે કે, તેઓને અને દર્શનને શીક્ષકોએ માત્ર ઠપકો આપેલ અને કહેલ કે તમારી પરીક્ષા ચાલુ હોય અભ્યાસમા ધ્યાન આપો.

14. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૧૦૦ થી મનસુખભાઈ નાથાભાઈ કાલાવડીયા ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે સાત-આઠ વર્ષ પહેલા ડેલ્ટા સ્કુલમા બનેલ હતો.બનાવ શું બનેલો તેની તેઓની ખબર નથી. પોલીસે તેઓનુ નિવેદન લીધેલું.વધુમાં તેઓ જણાવે છે કે, એવુ બનેલ નથી કે આરોપીઓએ ફરિયાદીને સ્ટમ્પ વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય.

15. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૧૦૫ થી રવી છગનભાઈ રૈયાણી તથા આંક-૧૦૭ પ્રવિણભાઇ વિરજીભાઈ પટેલ ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી આઠેક વર્ષ પહેલા પોલીસે તેઓની એક તૈયાર પંચનામામા સહી લીધેલી હતી. પંચનામુ તેઓએ વાંચેલ નથી કે તેઓને વાંચી સંભળાવવામાં આવેલ નથી. તેઓને એક પંચનામુ બતાવવામાં આવે છે.જેમા તેઓની સહી છે.તે ઓળખી બતાવે છે.જે આંક-૧૦૬ થી રજુ છે.વધુમાં તેઓ જણાવે છે કે, એવુ બનેલ નથી કે તા.૧૬-૦૩-૨૦૧૭ ના રોજ પોલીસે તેઓને ધ્રોલ પો.સ્ટે.મા બોલાવી તેઓના રૂબરૂ છ ઈસમોની અટક કરી તેઓના કબ્જા માથી પંચનામાની વિગતવાળા હથીયારો કબ્જે કરી પંચનામાની વિગતવાળુ પંચનામુ કરેલ હોય.

16. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૧૧૩ થી ડો.રાખાલચંદ્ર ગોપેશચંદ્ર દત્તા ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૫.૩.૧૭ ના રોજ સાંજે ૪:૫૦ વાગ્યે તેઓ જીજી હોસ્પીટલે તેઓની ફરજ પર હતા ત્યારે મારકણા દર્શન ગોવીદભાઈ, ઉ.૧૫ સારવાર અર્થે તેઓની પાસે આવેલ હતા. દર્શનભાઈને હિસ્ટ્રી પુછતા જણાવેલ કે તા.૧૩.૩.૧૭ ના રોજ સાંજે ૦૯:૫૫ વાગ્યે કપીલ સાહેબ, કિર્તન સાહેબ, અજય સાહેબ, ભુપેન્દ્ર સાહેબ, ટાંક સાહેબ અને કાશીક સાહેબે લાકડી, ક્રિકેટની સ્ટમ્પ, મુકકો અને લાફા વડે માર મારેલ છે. દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલી. (૧) ડાબી બાજુની જાંગમા અને કુલ્લા ઉપર ઘણી બધી લીનીયર બોન ઈજા જોવામા આવેલી હતી. તે ઈજાઓ બ્લુ રંગની હતી. જુદા જુદા માપની ઘણી બધી મુંઢ ઈજાઓ જોવામાં આવી. (૨) છાતીના પાછળના ભાગે અને બન્ને સ્કેપુલા(છાતીના પાછળના ભાગે) બન્ને બાજુ પર ઘણી બધી જુદા જુદા માપની બ્લુ રંગની મુંઢ ઈજાઓ જોવામાં આવેલી હતી. આ દર્દીને પ્રાથમીક સારવાર આપીને સર્જીકલ અને ઓર્થોપેડીક ટ્રોમા વિભાગમા રીફર કરેલ છે. ટ્રોમા વોર્ડની

સર્જીકલ વિભાગના ડોકટર સાહેબે આ દર્દીને તપાસેલ અને શરીરના જુદી જુદી જગ્યાનો એકસ-રે લીધેલ છે, તે એકસ-રે રીપોર્ટ સામાન્ય છે. આ દર્દીને પેટની અને છાતીની સોનોગ્રાફી લેવામાં આવેલ હતી તેના રીપોર્ટ સામાન્ય છે. સારવાર કરનાર ડોકટર સાહેબે આ દર્દીને પુરુષ અને સર્જીકલ વોર્ડ નં. ૩ મા દાખલ થવા સુચન કરેલ. પરંતુ આ દર્દીએ દાખલ થવાની ના પાડેલ અને ડોકટર સાહેબને લેખીતમાં જાણ કરેલ. આ દર્દીને દવા લખી આપીને તે જ દિવસે ડોકટર સાહેબે રજા આપી દીધેલી. દર્દીને થયેલ મુંઢ ઈજાઓ લાકડી થી અને ક્રિકેટના સ્ટમ્પ થી માર મારવાથી થઈ શકે તેવી હતી. આ દર્દીને થયેલ ઈજાઓ બ્લુ રંગની હતી. ફોરેન્સીક મેડીસીનના નોમસ અનુસાર બ્લુ રંગની ઈજા ચોવીસ કલાક થી બોતેર કલાક અંદરની હોવી જોઈએ. આ દર્દીએ સારવારના અસલ કાગળો હોસ્પીટલમા જમા કરાવેલા નથી. સારવારના કાગળો ની ઝેરોક્ષ નકલો હોસ્પીટલમા જમા કરાવેલ હતી.તે કાગળોની એક કોપીમા એસ-રે રીપોર્ટ લખેલ છે. તેમા કોઈ પણ જાતની અસ્થીભંગ થયેલાનુ લખેલ નથી. દર્દીને થયેલ તમામ ઈજાઓ સામાન્ય પ્રકાર ની છે. દર્દીની સારવાર ની ઝેરોક્ષ કોપી જોઈને તેઓએ તેમના પોતાના હસ્તાક્ષરમા ઈન્જરી સર્ટીફીકેટ આપેલ છે. તે ઈન્જરી સર્ટીફીકેટની નીચેની બાજુએ તેઓની સહી છે અને ઉપરના ભાગે હોસ્પિટલનુ રાઉન્ડ સીલ છે અને તેમા આઉટ વર્ડ લખેલ છે. જે અસલ આંક-૧૧૪ થી રજુ છે.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામા આવે તો તેઓ સ્વીકારે છે કે, આંક-૧૧૪ વાળા સર્ટીફીકેટમા તારીખ લખેલ નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, એમ.એલ.સી. કેસમા પોલીસને જાણ કરવાની હોય છે. આ દર્દી ઓપીડી પેશન્ટ હોય જી.જી હોસ્પીટલમા પોલીસમા જાણ કરતા નથી. આંક-૧૧૪ ના સર્ટીફીકેટમા ઓપીડી ઉપર છેકો મારેલ છે અને તેના ઉપર પેનથી વોર્ડ લખેલ છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, કોઈ પણ દર્દી દાખલ થાય તો તેઓને પ્રથમ પોલીસને જાણ કરવાની હોય છે. દર્દીએ દાખલ થવાની ના પાડેલ હતી. તે તેઓ કહી શકે નહી કે દર્દીની સારવાર તેઓને ત્યા કેટલો સમય ચાલેલી. ઈજા કેટલા સમય પહેલાની છે તે સર્ટીફીકેટમા લખેલ નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, દર્દીની સારવાર દરમ્યાન સાથે કોઈ સગા આવેલા નહી.

17. આમ, ઉપરોક્ત તમામ પુરાવાઓ નુ એકસાથે મુલ્યાંકન કરતા હાલના કેસના આરોપીએ ફરીયાદી ઢીકાપાટુનો માર મારેલ હોવાનુ તેમજ લાકડાની લાકડી

કે સ્ટમ્પ વડે માર મારેલાનું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ ન હોઈ મુદ્દા નંબર ૧ નો જવાબ નકારમાં ઠેરવી મુદ્દા નંબર ૨ પરત્વે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

1. આરોપી (૧) કપીલભાઈ ભોજાભાઈ ભિમજીભાઈ કગથરા, રહે.ડેલ્ટા સ્કુલ, સોયલ ગામ, તા.ધ્રોલ, જી.જામનગર (૨) કીર્તિભાઈ નરશીભાઈ દુધાગરા, રહે.ડેલ્ટા સ્કુલ, સોયલ ગામ, તા.ધ્રોલ, જી.જામનગર (૩) અજયભાઈ મુકેશભાઈ સોરઠીયા, રહે.ડેલ્ટા સ્કુલ, સોયલ ગામ, તા.ધ્રોલ, જી.જામનગર (૪) ભુપેન્દ્રભાઈ નવનીતભાઈ ગોધાણી,રહે.ડેલ્ટા સ્કુલ, સોયલ ગામ, તા.ધ્રોલ, જી.જામનગર,(૫) મયુરભાઈ અશ્વિનભાઈ ટાંક, રહે.ડેલ્ટા સ્કુલ, સોયલ ગામ, તા.ધ્રોલ, જી.જામનગર,(૬) કૌશિકભાઈ ભિખુભાઈ ઘેટીયા રહે.ડેલ્ટા સ્કુલ, સોયલ ગામ, તા.ધ્રોલ, જી.જામનગર નાઓ ને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫ (૧), ધી જુવેનાઈલ જસ્ટીસ કેર એન્ડ પ્રોટેકશન ઓફી ચીલ્ડ્રન એકટ ની કલમ ૨૩ મુજબનો  મુજબના ગુનામાંથી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.
2. આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ ૪૩૭ (એ) મુજબ છ મહીના માટે અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂપીયા ૫,૦૦૦/-- ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.
3. હાલના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ હથીયાર નો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ આજ સને ૨૦૨૬ ના જુલાઈ મહિના ની તારીખ ૦૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ - ૦૭-૦૭-૨૦૨૬

સ્થળ - ધ્રોલ.

(એ.એમ.શુકલા)

કોડ નંબર જીજે ૦૧૩૬૪

જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,

ધ્રોલ.